# અરવલ્લી જિલ્લામાં રાત્રી દરમિયાન સાર્વત્રિક વરસાદ

**જિલ્લામાં ૨૪ કલાકના વરસાદના આંકડા : ધનસુરામાં ૪.૫, મોડાસા ૨.૧૫ અને માલપુરમાં ૨.૭ ઇંચ વરસાદ : મેઘરજ અને બાયડમાં એક ઇંચ વરસાદ નોંધાયો : જિલ્લામાં ખેતરોમાં થયા જળબંબાકાર**

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લામાં રાત્રી દરમિયાન સાર્વત્રિક



વરસાદ થયો છે. મોડાસા, બાયડ, શામળાજી અને માલપુરમાં સવારથી વરસાદ ચાલુ રહયો હતો. જેના કારણે અને ઉપરવાસમાં વરસાદને લીધે અરવલ્લીના જળાશયોમાં પાણીની આવક થઈ છે. જિલ્લામાં ખેતરો જળબંબાકાર થયા છે અને સારા વરસાદે ખેડૂતોના ચહેરા ઉપર સ્મિત જોવા મળી રહ્યું છે. જિલ્લાના અનેક કોઝવે-ચેકડેમ નવા નીરની આવકથી ભરાયા છે. દરમિયાન રાત્રીના સતત વરસાદથી મોડાસાના મોટી ઈસરોલ-માધુપુરના કોઝવે પર પણ પાણી ફરી વળ્યાં છે. દર વર્ષે આ કોઝવે ઉપર પાણી ફરી વળતા વિસ્તારના અંતરિયાળ ગામોનો તમામ વ્યવહાર બંધ થઈ જાય છે. શાળા-મહાશાળાઓમાં જતા આવતા બાળકો અટવાઈ ગયા હતા. આ અંગે રજુઆત છતાં માર્ગ અને મકાન વિભાગ આ કોઝવે ઉપર ઉંચો પુલ બનાવવાની દિશામાં ગંભીર ન હોઈ લોકોમાં રોષ વ્યાપ્યો છે.

આજે શનિવારે સવારે સવાર સુધીમાં નોંધાયેલા વરસાદના આંકડા મુજબ ધનસુરામાં ૪.૫ , મોડાસા ૨.૧૫ અને માલપુરમાં ૨.૭ ઈંચ વરસાદ થયો છે. જ્યારે મેઘરજ અને બાયડમાં એક ઈંચ વરસાદ નોંધાયો છે. જેના પગલે જિલ્લામાં ખેતરો



જળબંબાકાર થયા છે. વાવેતરને નુકસાન જરૂર થયું છે પણ સારા વરસાદે પાણી થવાની આશાઓ જન્મી છે તેથી કિસાનાઓમાં ખુશી વર્તાઈ રહી છે.

દરમિયાન ધનસુરા તાલુકામાં બે દિવસમાં ૯ ઈંચ વરસાદ નોંધાયો છે. જેના પગલે ધનસુરાના જસવંતપુરા પાસે કોઝવે પર પણ પાણી ફરી વળ્યાં છે કોઝવે પર પાણી આવતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે.

### જિલ્લાના જળાશયોની સપાટી વધી

અરવલ્લી જિલ્લામાં ભારે વરસાદને કારણે જિલ્લાના જિલ્લાના જળાશયોની સપાટી વધી છે. વાત્રક જળાશયમાં ૩૮૦૦ ક્યુસેક અને માઝુમમાં ૨૭૦૦ ક્યુસેક પાણીની આવક થવા પામી છે. જ્યારે શામળાજીના મેશ્વો ડેમમાં ૨૬૦ ક્યુસેક અને વૈડી ૨૦ ક્યુસેકની આવક થઈ છે. આ ઉપરાંત લાંક જળાશયમાં ૩૦૦ ક્યુસેકની આવક અને ૩૦૦ ક્યુસેકની જાવક થઈ. આમ અરવલ્લી જિલ્લામાં મેઘરાજાની જમાવટ થઈ છે.

# હિંમતનગરમાં ૫, તલોદમાં ૪, પોશીના-પ્રાંતિજમાં દોઢ ઈંચ વરસાદ

**જિલ્લામાં મોસમનો કુલ વરસાદ ૩૬.૩૪ ટકા નોંધાયો : સાર્વત્રિક વરસાદથી જિલ્લાવાસીઓ ખુશખુશાલ**

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લામાં શુક્રવારે રાતથી શનિવારે સાંજે ૬ વાગ્યા સુધીમાં થયેલા સાર્વત્રિક વરસાદને કારણે જિલ્લાવાસીઓ ખુશખુશાલ બની ગયા છે. ત્યારે શુક્રવારે રાત્રે હિંમતનગરમાં ૫, તલોદમાં ૪ જ્યારે પોશીના અને પ્રાંતિજ પંથકમાં દોઢ ઈંચથી વધુ વરસાદ પડતા વાતાવરણમાં ગરમીના પ્રમાણમાં ખાસ્સો એવો ઘટાડો નોંધાતા ઠંડક પ્રસરી છે. જિલ્લામાં મોસનો કુલ વરસાદ ૩૬.૩૪ ટકા થયો હોવાનો ડિઝાસ્ટર વિભાગે દાવો કર્યો છે.

વિભાગના જણાવાયા મુજબ શુક્રવારે અને શનિવાર એમ મળી બે દિવસમાં હિંમતનગરમાં ૧૨૫, તલોદમાં ૯૪ જ્યારે ઈડરમાં ૪૧, પોશીનામાં ૪૬ અને પ્રાંતિજમાં ૪૦મી.મી. વરસાદ પડ્યો હતો. જોકે વડાલીમાં ૩૫ જ્યારે વિજયનગર તાલુકામાં ૧૬ મી.મી. વરસાદ પડ્યો છે. શુક્રવારે રાત્રે શરૂ થયેલો ધીમીધારનો વરસાદ શનિવારે સવાર સુધી ચાલુ રહેવા પામ્યો હતો.

હિંમતનગર તથા



આસપાસના વિસ્તારમાં શુક્રવારે રાત્રે પડેલા વરસાદને કારણે બળવંતપુરા રેલવે અંડરબ્રિજમાં કેડ સમા પાણી ભરાઈ જવા પામ્યા હતા. જેના કારણે લોકોને અવરજવર કરવામાં મુશ્કેલી પડી હતી. હિંમતનગર વાસીઓનું કહેવું છે કે રેલવે તંત્ર દ્વારા બનાવાયેલા અંડરબ્રિજની ડિઝાઈન એટલી વિચિત્ર છે કે તેમાં પ્રવેશવાનો અને બહાર નિકળવાનો રસ્તો ખુબજ સાંકડો હોવાને કારણે ફાયર ફાયટર પણ નિકળી શકે તેમ નથી. જેથી ભવિષ્યમાં અહીંથી પસાર થનારા વાહનચાલકો અને રાહદારીઓને સદાય મુસ્કેલી વેઠવી પડે તેવા સંજોગો ઉભા થશે તેથી શક્ય હોય તો બજુ બ્રોડગેજનું કામ ચાલુ છે ત્યારે આ અંડરબ્રિજની ડિઝાઈનમાં વધુ ફેરફાર કરીને અપડાઉન માટે વધુ એક વિકલ્પ ઉભો કરવો જોઈએ.

હિંમતનગર તથા હાથમતિ નદીના ઉપરવાસમાં શુક્રવારે રાત્રે પડેલા ભારે વરસાદ બાદ આ ચોમાસામાં પ્રથમ વખત નદીમાં પુર આવતા લોકો શનિવારે વહેલી સવારે જોવા મટે મહેતાપુરાના હાથમતિબ્રિજ તથા ભોલેશ્વરના બેઠાપુલના બંને કિનારે ઉમટી પડ્યા હતા. તો બીજી તરફ હાથમતિ નદીમાં આવેલ પુરના પાણીને કેનાલમાં નાખી પ્રાંતિજની બોખ તથા કરોલ ડેમમાં મોકલવા માટે સિંચાઈ વિભાગ દ્વારા હાથમતિ નદી પર બનાવાયેલ કેનાલ હેડના દરવાજા ખોલવામાં આવ્યા હતા.

દરમિયાન પ્રાંતિજ, તલોદ, ઈડર, પોશીના, વિજયનગર અને ખેડબ્રહ્મા પંથકમાં શનિવારે દિવસ દરમિયાન વરસાદના ઝાપટા ચાલુ રહેતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. જોકે આખો દિવસ આકાશમાં વાદળો છવાયેલા હોવાને કારણે સુર્યનારાયણના દર્શન થઈ શક્યા ન હતા. બે દિવસ દરમિયાન થયેલા શાંત અને ધીમીધારે પડેલા વરસાદને કારણે જિલ્લામાં કોઈ જાનહાની, મકાન પડી જવા કે કોઈને સ્થળાંતર કરવા પડ્યા નથી.

# ભિલોડામાં ધીમી ધારે ઝરમર-ઝરમર વરસાદ

ભિલોડા,તા.૨૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં આજે વહેલી સવારથી ધીમી ધારે ઝરમર-ઝરમર વરસાદ વરસ્યો હતો. ખેડુતોમાં આનંદની લાગણી પ્રસરી હતી. મુરઝાતા ખેતીના વિવિધ પાકોને જીવતદાન મળ્યું છે.વાતાવરણમાં આહ્લાદક ઠંડક પ્રસરી છે.ભિલોડા તાલુકામાં આજ દિન સુધીમાં ૨૦ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. અંતરીયાળ ડુંગરાળ વિસ્તારોમાં ચારે તરફ લીલોતરી જોવા મળે છે.

ભિલોડા તાલુકાના ટોરડા, કુંડોલ-પાલ, ઝાંઝરી, ધનસોર, બુઢેલી પંથકમાં ભારે વરસાદ ખાબક્યો હોવાના કારણે ખેડુતોને વ્યાપક નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.

ભિલોડા તાલુકાના સરહદી વિસ્તારમાં આવેલ ઝાંઝરી ગામ પાસેનું તળાવ ઓવરફ્લો થવાની તૈયારીમાં છે ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે ભારે થી અતિભારે વરસાદ રાજસ્થાનમાં અને ઉપરવાસમાં થાય તો ઝાંઝરી ગામનું તળાવ ઓવરફ્લો થાય અથવા તો તળાવમાં મોટું ગાબડું પડે તો ટોરડા પંથકમાં વ્યાપક નુકશાન થઈ શકે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

રાજસ્થાન રાજ્ય તેમજ ઉપરવાસમાં ભારે વરસાદ ખાબક્યો હોવાના કારણે બુઢેલી નદીમાં સતત ત્રણ વખત ધસમસતા વરસાદી પાણીના ઘોડાપુર આવ્યા હતા.ઝાંઝરી પંથકમાંથી પસાર થઈ રહેલ ઝાંઝરી નદીના કોઝ-વેમાં



ગાબડું પડતાં વાહનવ્યવહાર ખોરવાયો છે. પ્રજાજનોને ભારે હાલાકીઓ ભોગવવાનો વારો આવ્યો છે. અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાંથી પસાર થઈ રહેલ માર્ગ રાજસ્થાન રાજ્યને જોડતો મુખ્ય માર્ગ ઉપર ઝાંઝરી નદીના કોઝ-વેમાં ગાબડું પડતાં વાહનવ્યવહાર બંધ છે. ટોરડા પંથકમાં ભારે વરસાદથી ઠેર-ઠેર વરસાદી પાણી ફરી વળ્યા હતા.


ભિલોડા તાલુકાના રીંટોડા ગામમાં આજે બપોરે ઝરમર-ઝરમર વરસાદ દરમ્યાન વીજળીના કડાકા-ભડાકા અને મેઘગર્જના થયા બાદ એકા-એક કુદરતી રીતે અવકાશી વીજળી ધડાકાભેર ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદીરમાં ત્રાટકતાં પ્રજાજનોમાં ભારે ભય જોવા મળ્યો હતો.ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદીરના હોલમાં તિરાડો પડી ગઈ હતી.રીંટોડા ટાંડા ગામના સતિષભાઈ ગણેશભાઈ વણઝારાના ઘર આંગણે બાંધેલા ગાય, વાછરડાનું કુદરતી રીતે અવકાશી વીજળી ત્રાટકતાં મોત નિપજતાં પશુપાલકને અંદાજીત રૂા.૭૫,૦૦૦/-નું નુકશાન સહન કરવાનો વારો આવ્યો છે.

## મોડાસાના માલપુર રોડ વિસ્તારમાં ડહોળા પાણીથી નગરજનો ત્રસ્ત

મોડાસા, તા. ૨૧

મોડાસા નગરના માલપુર રોડ વિસ્તારમાં નગરપાલિકાતંત્ર દ્વારા આપવામાં આવતું રોજિંદા વપરાશના પાણીમાં ડહોળું પાણી આવતા નગરજનો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. નગરપાલિકા તંત્ર લાખ્ખો રૂપિયાના ખર્ચે શહેરીજનોને સ્વચ્છ પાણી મળી રહે તે માટે ફિલ્ટર પ્લાન્ટ નાખવામાં આવ્યો હોવા છતાં પ્રદુષિત પાણી આવતા લોકોના માથે પાણીજન્ય ગંભીર બીમારીનો ભય મંડરાઈ રહ્યો છે. પાણી પીવાલાયક તો ઠીક નાહવાથી પણ પ્રજાજનોના શરીરે ખંજવાળ આવતી હોવાની ફરિયાદ પ્રથમ દિવસેજ રહીશોએ કરી હતી. મોડાસા શહેરને નગરપાલિકા તંત્ર દ્વારા પાણીનો પુરવઠો માઝુમ ડેમમાંથી મેળવી આપવામાં આવે છે. ઉપરવાસ અને જિલ્લામાં પડેલ સાર્વત્રિક વરસાદથી ડેમમાં પાણીની આવક થતા પાણી ડોહળતા પ્રજાને પ્રદુષિત પાણી મળી રહ્યું છે.

મોડાસામાં નગરપાલિકા તંત્ર દ્વારા રોજિંદા વપરાશમાં ઉપયોગમાં લેવાતા લાખ્ખો લીટર પાણીનો પાણીનો જથ્થો માઝુમ ડેમમાંથી મેળવી લોકોને પૂરું પાડવામાં આવે છે અન્ય જથ્થો શહેરના જુદા જુદા બોરમાંથી પાણી સપ્લાય કરવામાં આવે છે. શનિવારે નગરપાલિકા તંત્ર દ્વારા માલપુર



રોડ વિસ્તારમાં આપવામાં આવેલા પાણીનો રંગ નિહાળી મહિલાઓ અને નગરજનો ચિંતિત બન્યા હતા. પ્રદુષિત પાણીને પીવા માટે તો ઠીક ઘર વપરાશમાં પણ ઉપયોગમાં લઈ શકાય નહિ એટલું ડહોળું પાણી નળમાંથી આવતા લોકોની હાલત કફોડી બની હતી. શહેરના મોટા ભાગના નગરજનો નગરપાલિકાના પાણીના પુરવઠા પર નિર્ભર રહે છે અને ન છૂટકે આવા ગંદા પાણીનો પીવા માટે અને રોજિંદા વપરાશ માટે મજબુર બનવું પડ્યું છે. નગરપાલિકા તંત્ર દ્વારા પાણીવેરો ભરવા છતાં પ્રદુષિત પાણી દર ચોમાસામાં લોકો માટે બીમારીમાં સપડાવાની અને વર્ષોની સમસ્યા ઉકેલવામાં નિષ્ફળ રહેતા ચોમાસામાં લોકોએ પૈસા આપી પાણી ખરીદવાની નોબત આવી છે. શનિવારે નળમાં આવેલા પાણીનો નાહવા માટે ઉપયોગ કરનાર લોકોએ શરીર પર ખંજવાળ આવતી હોવની વ્યાપક ફરિયાદ કરતા જોવા મળ્યા હતા.

## મોડાસા-ડુંગરવાડાથી અણીયોર રોડ પર બંને બાજુ યમદૂત સમાન ઝાડ ઉતારી લેવા માંગ

મોડાસા, તા. ૨૧

મોડાસાના ડુંગરવાડા રોડ પર ગામ નજીક બે દિવસ અગાઉ વરસતા વરસાદમાં ઝાડ પડવાથી રોડ પરથી પસાર થતા નિર્દોષ બાઈક ચાલકનો ભોગ લેવાયો હતો. બીજીબાજુ હજુપણ આ રોડ પર ભયજનક સૂકા ઝાડ યમદૂત બની ત્રાટકે તે પહેલા ઉતારી લેવા વાહનચાલકો અને જાગૃત નાગરિકોની માંગ પ્રબળ બની હતી. જવાબદાર તંત્ર ઘોર નિંદ્રામાંથી બહાર નહિ આવે તો હજુપણ નિર્દોષ લોકોએ જીવ ગુમાવવાનો વારો આવશે.

હમણાં જ અણીયોરના પંચાલભાઈ રસ્તાની બાજુઓ પર



આવેલા સૂકા ઉભા ઝાડરૂપી યમરાજાના પડવાથી મોતને ભેટ્યા છે. આજ રસ્તા પર તેની આજુબાજુ અને મોડાસા-મખદુ:મ ચોકડીથી ડુઘરવાડા રોડ પર ડુઘરવાડા સુધીમાં આવા રાક્ષસ રૂપી યમરાજાઓ કોઈ બીજા નિર્દોષ રાહદારીઓને યમરાજાની સમક્ષ હાજર કરવાની રાહ જોઈને ઉભા છે. તંત્રની નજરમાં આવે અને કોઈના પ્રાણ હરે તે પહેલાં તેનો યોગ્ય નિકાલ થાય તેવું ડુઘરવાડા ના જાગૃત નાગરિક એવા ડેપ્યુટી સરપંચ પટેલ હર્ષદકુમાર કાંતિલાલ પટેલની દિલની વાત છે તેઓના જણાવ્યા મુજબ આમાના કેટલાક યમરાજાઓને અડકીને વીજ વાયરો અને ઈલેક્ટ્રિકસીટીના થાંભલાઓ પણ છે. તો તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવાની માંગ પ્રબળ બની છે.

## મહિલા કર્મચારીને ગાળો બોલી સરકારી કામમાં અડચણ કરતા ૩ વિરુદ્ધ ફરિયાદ

ખેડબ્રહ્મા તાલુકાના બહેડિયાના જંગલમાં વન કર્મચારીને તેના કામ કરતા રોકી અને જંગલની જમીન ખેદાન કરતાં ૩ ઈસમો વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

ખેડબ્રહ્મા તાલુકાના બહેડિયાના જંગલમાં ગત ૬ જુલાઈ ના રોજ ભાવનાબેન જોગભાઈ તરાળ વનરક્ષક તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે જુના સર્વે ન. ૩૪૩ અને નવા સરેવે ન. ૨૭મા સરકારી યોજના હેઠળ રોપ વાવેતર કરવાની કામગીરી કરતા હતા તેમની સાથે કે.બી.ભરવાડ અને એસ.ટી.પરમાર (વનપાલ) ફરજ પાર હતા તે સમયે બહેડિયા ગામના અમૃતભાઈ મનુભાઈ સોલંકી, કાંતિભાઈ મનુભાઈ સોલંકી અને કનુભાઈ લુકભાઈ સોલંકી બળદ અને ખેતી કરવાના ઓજારો લઈ આવ્યા હતા ઝાડ કાપી ખેદાન કરવાનું ચાલુ કરી દીધું હતું જેથી ભાવના બેને તેમને ના પાડતા ત્રણે જના ઉશ્કેરાઈ ગયા હતા અને બીભત્સ ગાળો બોલી મારી નાખવાની ધમકી આપતા ભાવનાબેને તેમના ઉપરી અધિકારીને જાણ કરી જગ્યા છોડી જતા રહયા હતા.

ત્યાર બાદ ગત ૧૬ જુલાઈ ના રોજ ભાવનાબેનેને બાતમી મળી હતીકે પેલા ૩ ઈસમો ફરિવાર ઝાડ કાપી ખેડાણ કરી રહ્યા છે જેથી તે ત્યાં જઈ તેમને રોકતા ત્રણે જણાએ બીભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જેથી ભાવનાબેને ૩ ઈસમો વિરુદ્ધ જાનથી મારી નાખવાની ધમકી આપવી અને સરકારી કામમાં અડચણરૂપ થવા બાદલ ખેડબ્રહ્મા પોલિસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ધાનેરાની સર્વોદય સ્કૂલ પાસે અલ્ટો ગાડીમાં આગ ભભૂકી : સદનસીબે જાનહાની ટળી

ધાનેરા માં સર્વોદય સ્કૂલ આગળ અલ્ટો કારમાં અચાનક આગ લગતા લોકોમાં અફરાતફરી નો માહોલ જોવા મળ્યો હતો અને લોકો ધ્વરા ધાનેરા નરપાલિકા ના ફાયર ફાઈટર ને જાણ કરતા આગ પાર કાબુ મેળવાયો હતો તો બીજી તરફ કોઈ જાનહાની ન સર્જાતા લોકોએ પણ રાહત નો શ્વાસ લીધો હતો.

ગમનભાઈ બારોટ નામના વ્યક્તિ પોતાની અલ્ટો કર લઈ પસાર થઈ રહ્યા હતા તે સમયે ધાનેરા ની સર્વોદય સ્કૂલ આગળ ગાડી માં અચાનક આગ ભભુકતા ગાડી ના ચાલકે પોતાનો જીવ બચાવી ગાડી થી દૂર ચાલ્યા ગયા હતા ત્યારે ગાડી માં આગ ભભુકતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને લોકો ધ્વરા



ધાનેરા નગરપાલિકા ના ફાયર ફાઈટર ને જાણ કરતા ફાયર ની ટિમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ ઉપર કાબુ મેળવ્યો હતો કોઈજ જાનહાની ન થતા તંત્ર ની સાથે લોકોએ પણ રાહત નો શ્વાસ લીધો હતો.